GSSSB/201617/114

Accountant
25-03-18

સીરીઝ

**D**

**FOA**

The Question Booklet Contains 24 Printed Pages

**ઉમેદવારનો બેઠક નંબર**

| | | | |
|---|---|---|---|
| સમય | : 2 કલાક | Time | : 2 Hours |
| કુલ પ્રશ્નો | : 150 | Total Que. | : 150 |
| કુલ ગુણ | : 150 | Total Marks | : 150 |

**સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

## ઉમેદવારોને સૂચના

(01) આ પ્રશ્નપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E OMR ઉત્તરપત્રમાં આપેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. તમારે આ સાથે સામેલ અલગ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે. ઉદાહરણ તરીકે.

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?

A) સરદાર પટેલ B) સુભાષચંદ્ર બોઝ
C) મહાત્મા ગાંધી D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR ઉત્તરપત્ર) માં

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પધ્ધતિથી વર્તુળ ડાર્ક કરવા બાબતની સૂચના OMR ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(02) 1 થી 150 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.

(03) પરીક્ષા શરુ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(04) પ્રશ્નપુસ્તિકા ઉમેદવારને મળે કે તરત જ OMR ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. તેમજ OMR ઉત્તરપત્રની સીરીઝ અને પ્રશ્નપત્રની સીરીઝ એકજ હોવાની ખાતરી કરી લેવાની રહેશે.

(05) પ્રત્યેક સાચા જવાબ દીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ-

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 માઈનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ડાર્ક કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહી.

(06) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(07) OMR ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર નિરીક્ષક બંન્નેની સહી ફરજિયાત છે. ઉમેદવ સહી વિનાની OMR ઉત્તરપત્રવાળા ઉમે ગેરલાયક ઠરશે.

| પ્રશ્નપુસ્તિકા નંબર QUESTION BOOKLET NO |
|---|
| |
| SEAL SEAL SEAL SEAL |
| D |

(08) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા પણ પગલાં લેવાશે.

(09) ચાલુ પરીક્ષા દરમિયાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે:**
(સાચા જવાબની સંખ્યા × 1 – {ખોટા જવાબની સંખ્યા × 0.25} + {ખાલી છોડેલ જવાબની સંખ્યા × 0.25} + {છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા × 0.25}) = ઉમેદવારને પ્રાપ્ત થતાં ગુણ.

પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા તથા ફોજદારી પગલા લેવાને પણ પાત્ર થશે.

www.ParikshaPath
PariksaPath · pariksapath.in

001. યોગ્ય રીતે જોડકા જોડો.

(P) ઉત્તરાખંડ (U) તિરૂવનંત પુરમ્

(Q) આંધ્રપ્રદેશ (V) ગંગટોક

(R) કેરાલા (W) દહેરાદુન

(S) સિક્કીમ (X) વિજયવાડા

(A) P-W, Q-X, R-U, S-V
(B) P-W, Q-V, R-U, S-X
(C) P-U, Q-X, R-W, S-V
(D) P-V, Q-X, R-U, S-W

002. કયા સંભાવના વિતરણમાં મધ્યક અને વિચરણ સરખા હોય છે?

(A) પ્રામાણ્ય વિતરણ
(B) દ્વિપદી વિતરણ
(C) પોયસન વિતરણ
(D) અતિગુણોત્તર વિતરણ

003. ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્યોતિન્દ્ર દવે હાસ્ય પારિતોષિક મેળવનારનું નામ જણાવો.

(A) નટવરલાલ બુચ
(B) ચુનિલાલ મડિયા
(C) ધના ભગત
(D) જયંત કોઠારી

004. ધંધાકીય નીતિમતા સાથે નીચેના પૈકી ક્યો કાયદો સંકળાયેલો છે?

(A) મકાન બાંધકામ ધારો
(B) ખોરાક ધારો
(C) માહિતી મેળવવાનો અધિકાર
(D) ઉપરોક્ત તમામ

005. Change the degree :

I played better than John.

(A) John played as well as I.
(B) I did not play as good as John.
(C) I played as better as John.
(D) John did not play so well as I.

006. તબીબી સારવાર અંગે લીધેલ વીમા પ્રીમિયમની કપાત કઈ કલમ હેઠળ બાદ મળે છે?

(A) કલમ - 80 C
(B) કલમ - 80 D
(C) કલમ - 80 G
(D) કલમ - 80 GG

www.marugujarat.in



PariksaPath · pariksapath.in

007. Think before you speak and look before you leap. (Change the voice).
(A) You are requested that think before you speak and look before you leap.
(B) We request you to think before you speak and look before you leap.
(C) You are requested to think before you should speak and should look before you leap.
(D) You are requested to think before you speak and look before you leap.

008. આર્થિક વ્યવહારોના દસ્તાવેજી પૂરાવાને ચકાસણી કરવાની પ્રક્રિયાને ______ તરીકે ઓળખવામાં આવે છે.
(A) ઓડીટીંગ
(B) ટેસ્ટિંગ
(C) વાઉચિંગ
(D) ચકાસણી

009. નીચેનામાંથી ક્યું દ્રવ્ય પ્રાણિજ છે અને વસ્ત્રો બનાવવા ઉપયોગી છે ?
(A) સિલ્ક
(B) સુતર
(C) મિણ
(D) દૂધ

010. વ્યવસ્થાતંત્રનું સૌથી જુનું સ્વરૂપ નીચેના પૈકી ક્યું છે?
(A) કાર્યાત્મક વ્યવસ્થાતંત્ર
(B) કર્મચારી વ્યવસ્થાતંત્ર
(C) શ્રેણિક વ્યવસ્થાતંત્ર
(D) વિભાગીય વ્યવસ્થાતંત્ર

011. કવિ બોટાદકરનો પ્રસિદ્ધ કાવ્યસંગ્રહ જણાવો.
(A) નિર્ઝરિણી
(B) શિવાલિની
(C) રાસરંગિણી
(D) ભવ્યેષા

012. 0.02222 એ______ છે.
(A) સંમેય સંખ્યા
(B) પૂર્ણાંક
(C) અસંમેય સંખ્યા
(D) શૂન્ય

013. તિજોરી બીલના સંદર્ભમાં નીચેનામાંથી ક્યુ વિધાન સાચું નથી ?
(A) તિજોરી – બીલો શૂન્ય કુપન બોન્ડો છે.
(B) તિજોરી બીલો ભારત સરકાર વતી રીઝર્વ બેંક બહાર પાડે છે.
(C) તિજોરી બીલો લાંબાગાળાની બજાર જામીનગીરીઓ છે.
(D) તિજોરી બીલો ગુરૂવારે પાકતા હોય છે.


www.mahagujarat.in
PariksaPath · pariksapath.in

014. નીચે આપેલાં વિધાનો જુઓ :

1. દરેક જિલ્લામાં જિલ્લા પરિષદની રચના કરવી અને કલેક્ટર તેના મુખ્ય સચિવ તરીકે કામ કરે.
2. દરેક રાજ્યમાં એક વિધાનપરિષદ હોય કે જેમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય.
3. રાજ્ય નાણાં પંચો કેન્દ્રીય નાણાં પંચની ભલામણોને ધ્યાનમાં લે.
4. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને બંધારણ હેઠળ સોંપાયેલાં તમામ કામો સોંપવાં.

ઉપરોક્ત ભલામણો કોના દ્વારા કરવામાં આવી હતી?

(A) અશોક મહેતા સમિતિ
(B) બળવંતરાય મહેતા સમિતિ
(C) વહીવટી સુધારા પંચ
(D) ઉપરોક્તમાંથી એકેય નહીં

015. ______ એ એવી પ્રવૃત્તિ છે, જેમાં કાર્યના બંધારણમાં જરૂરી ફેરફાર કરીને વધુ પડકારયુક્ત બનાવવામાં આવે છે.

(A) કાર્યફેરબદલી
(B) કાર્ય વિસ્તૃતીકરણ
(C) કાર્ય સમૃદ્ધિકરણ
(D) ઉપરોક્ત તમામ

016. સ્ટેટ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપના અધ્યક્ષ સ્થાને ક્યા વહીવટી અધિકારી બિરાજમાન થાય છે?

(A) રાહત કમિશનર
(B) CEO – GSDMA
(C) મુખ્ય સચિવ
(D) રાહત નિયામક

017. નીચેના પૈકી ક્યો ધ્યેયલક્ષી સંચાલનનો લાભ નથી?

(A) આયોજન વિનાની સફળતા
(B) કર્મચારી પ્રતિબદ્ધતા
(C) વધુ સારૂં મૂલ્યાંકન
(D) સ્વનિયંત્રણ

018. વૃતાંશનું ક્ષેત્રફળ____છે.

(A) 1/2 rl
(B) $3/2r^2l$
(C) 4/3 rl
(D) 3/2 rl



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

019. સરકારી કર્મચારીને મળતા માસિક પેન્શનની કરપાત્રતા જણાવો.

(A) સંપૂર્ણપણે કરમુક્ત

(B) પગારની આવક તરીકે કરપાત્ર

(C) અન્ય સાધનોની આવક તરીકે કરપાત્ર

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

020. નવલકથાકાર ડૉ. હસુ યાજ્ઞિકનું જન્મસ્થળ જણાવો.

(A) ભીલોડા (B) ચાણસ્મા (C) તારંગા (D) રાજકોટ

021. કાયસ્ક્વેર વિતરણના વક્રની સંમિતતા શી છે?

(A) ઋણ વિષમતા

(B) ધન વિષમતા

(C) સંમિત

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

022. Put proper Question tag :

Everyone stood up, ________ ?

(A) didn't they

(B) did he

(C) wasn't he

(D) were they

023. જ્યારે કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં ઓડીટરની નિમણૂંક ન થાય ત્યારે _____

(A) વાર્ષિક સભા ફરી બોલાવવામાં આવે છે.

(B) કેન્દ્ર સરકાર ખાલી પડેલ જગ્યા પર ઓડીટરની નિમણૂંક કરે છે.

(C) મેનેજીંગ ડીરેક્ટર /ચેરમેન ઓડીટરની નિમણૂંક કરે છે.

(D) ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ ઓડીટરની નિમણૂંક કરે છે.

024. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં તેમની લડત અને અનુભવોનું આલેખન કરતું પુસ્તક 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' ના નામે પ્રગટ કર્યું. આ પુસ્તક અંગ્રેજી ભાષામાં 'કરન્ટ થોટ' સ્વરૂપે રૂપાંતરિત થયું. 'કરન્ટ થોટ' ના લેખકનું નામ જણાવો.

(A) મહાદેવ દેસાઈ

(B) મગનલાલ રતનજી દવે

(C) વાલજી ગોવિન્દજી દેસાઈ

(D) મણિલાલ નભોરામ ત્રિવેદી

025. નીચેના પૈકી કોનો પરોક્ષ માલસામાન ખર્ચમાં સમાવેશ થશે?

(A) લુબ્રીકેટીંગ ઓઇલ

(B) ઓક્ટ્રોઈ

(C) આયાત ડ્યૂટી

(D) વીમો



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

026. જો A = 26, SUN = 27 હોય, તો CAT = ________
(A) 24
(B) 27
(C) 57
(D) 58

027. હુંડીમાં નાણા ચૂકવવાની છેલ્લી જવાબદારી કોની હોય છે ?
(A) હુંડી લખનારની
(B) હુંડી સ્વીકારનારની
(C) નાણા મેળવનારની
(D) બેંકરની

028. ૩૧/૩૨ માત્રા ક્યા છંદમાં હોય છે ?
(A) સવૈયા
(B) દોહરો
(C) ચોપાઈ
(D) માલિની

029. ઓડીટ કાર્યક્રમ તૈયાર કરતાં પહેલાં નીચેના પૈકી કઈ બાબત મેળવવી જરૂરી નથી ?
(A) આંતરીક અંકુશની પદ્ધતિ
(B) હરીફોની માહિતી
(C) અગાઉના ઓડીટરનો અહેવાલ
(D) ધંધાની કે સંસ્થાની ટેકનિકલ બાબતો

030. નીચે જણાવેલ શબ્દનો અર્થ (શબ્દ- સમજૂતી) દર્શાવો.
'ડાંફ'
(A) સાપેક્ષ
(B) નશો
(C) મોટું પગલું
(D) નિશ્ચિત દીશા

031. ભારતમાં ક્યુ વર્ષ વસ્તીના મહાવિભાજક વર્ષ તરીકે ઓળખાય છે ?
(A) ૧૯૦૧
(B) ૧૯૨૧
(C) ૧૯૫૧
(D) ૧૯૯૧

032. MS Word માં અક્ષરને થોડા નીચેની તરફ દર્શાવવા માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે ?
(A) Bottomscript
(B) Leveldownscript
(C) Lowerscript
(D) Subscript

033. જો કોઈ જનરલ મેનેજર તેના વતી કેટલાક સેલ્સમેનની ભરતી કરવા માટે સેલ્સ મેનેજર ને કહે છે, તો તે શેનું ઉદાહરણ છે ?
(A) સત્તાનું વિભાજન
(B) સત્તાનું વિકેન્દ્રીકરણ
(C) સત્તાની સોંપણી
(D) જવાબદારીની સોંપણી


www.maru gujarat.in
PariksaPath · pariksapath.in

034. અંતર્વેશન બહિર્વેશનમાં નિરપેક્ષ ચલની કિંમતો વચ્ચેનું અંતર સમાન ન હોય ત્યારે સાપેક્ષ ચલનું અનુમાન કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

(A) દ્વિપદી વિસ્તરણ
(B) ન્યૂટન
(C) લાન્ગ્રાજની રીત
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

035. નીતિઆયોગ (NITI) ની રચના શેના સ્થાને કરવામાં આવી છે?

(A) આયોજન પંચ
(B) નાણાં પંચ
(C) પગાર પંચ
(D) ઉપરોક્ત તમામ

036. Arrange the jumbled parts and make a meaningful sentence :
The students / asked / if / their homework / had done / the teacher / they.

(A) The students had done their homework if the teacher asked.
(B) The students asked the teacher if they had done their homework.
(C) If the teacher asked the students, they had done their homework.
(D) The teacher asked the students if they had done their homework.

037. નર્સિંગ હોમના કિસ્સામાં નીચેના પૈકી કઈ પડતર પદ્ધતિનો ઉપયોગ થશે ?

(A) ચલિત પડતર પદ્ધતિ
(B) પ્રક્રિયા પડતર પદ્ધતિ
(C) કરાર પડતર પદ્ધતિ
(D) જોબ પડતર પદ્ધતિ

038. રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS) એ PFRDA દ્વારા અમલમાં મૂકવામાં આવી. તેનું પૂરૂં નામ જણાવો.

(A) પેન્શન ફંડ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરીટી
(B) પેન્શન ફંડ રેગ્યુલેશન ડેવલપીંગ ઓથોરીટી
(C) પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી
(D) પેન્શન ફંડ રેગ્યુલેશન એન્ડ ડેવલપીંગ ઓથોરીટી

039. મૂડી નફો શીર્ષક હેઠળ બિન-નોંધાયેલ શેરો માટે લાંબાગાળાના મૂડી નફા માટે કેટલો સમય જોઈએ ?

(A) ૧ વર્ષ
(B) ૨ વર્ષ
(C) ૩ વર્ષ
(D) ૪ વર્ષ

040. નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.

(A) સંચિત-ઉઘરાવેલું
(B) સચિંત- ચિંતાવાળું
(C) ગાત્ર – શરીર
(D) ગોત્ર- કૂળ

www.marugujarat.in



PariksaPath · pariksapath.in

041. અકીકના પત્થરના ઉદ્યોગ માટે જાણીતું સ્થળ – ખંભાત ક્યા જિલ્લામાં આવેલું છે ?

(A) વડોદરા (B) આણંદ (C) બનાસકાંઠા (D) દાહોદ

042. અંદાજીત ખર્ચ અને નુકસાનની નોંધણી કરવી જ્યારે અંદાજીત આવક અને નફાની નોંધ ન કરવી એ ક્યા હિસાબી ખ્યાલમાં સૂચવેલ છે ?

(A) સાતત્યનો ખ્યાલ
(B) પ્રગટીકરણનો ખ્યાલ
(C) રૂઢિગત ખ્યાલ
(D) નાણાના માપનનો ખ્યાલ

043. તાજેતરમાં ભારત દ્વારા 'અગ્નિ-૫' મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ કેટલામું પરીક્ષણ હતું ?

(A) પાંચમું (B) ત્રીજુ (C) ચોથું (D) બીજુ

044. વર્ષના અંતે નાદાર જાહેર થયેલ રૂ. ૧,૦૦,૦૦૦/- ના દેવાદારનો સમાવેશ પેઢીના સંચાલક હિસાબોમાં કરતા નથી. આ સંજોગોમાં કેવા પ્રકારનો અહેવાલ આપશે ?

(A) ખામીવાળો અહેવાલ
(B) નકારાત્મક અહેવાલ
(C) બિનસુધારણા અહેવાલ
(D) દાવાનો અહેવાલ

045. $\{\phi\}$ ના ઉપગણોની સંખ્યા ______ છે.

(A) ૦
(B) ૧
(C) ૨
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

046. નીચેના પૈકી ઓડીટના પૂરાવા તરીકે સૌથી વધુ વિશ્વસનીય શું છે ?

(A) પ્રત્યક્ષ તપાસ
(B) નિરિક્ષણ
(C) ગણતરી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

047. વ્યવસ્થાતંત્રનું માળખું ત્યારે જ અસરકારક બની શકે કે જ્યારે તે દરેક કર્મચારીને એકમના ધ્યેયો સિદ્ધ કરવા ફાળો આપવા સક્ષમ બનાવી શકે. આને ______ કહે છે.

(A) હુકમની એકવાક્યતા
(B) કાર્યાત્મક વિવરણ
(C) હેતુઓની એક્તા
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં



www.maruGujarat.in
PariksaPath · pariksapath.in

048. વિસર્જનની પ્રક્રિયામાં દાવા સાબિતીનો ખર્ચ કોણ ભોગવે છે?

(A) દાવેદાર
(B) લિક્વીડેટર
(C) કંપનીના દેવાદારો
(D) કંપનીના લેણદારો

049. ગુજરાતમાં 'માં વાત્સલ્ય યોજના ' હેઠળ નીચેના પૈકી કોને લાભ મળે છે?

(A) વાર્ષિક રૂ|. ૨.૫૦ લાખ કે તેથી ઓછી આવકવાળા મધ્યમ વર્ગના પરીવારો
(B) ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના તમામ આશા બહેનો
(C) પત્રકારો
(D) ઉપરોક્ત તમામ

050. સંસદના બન્ને ગૃહોમાં ક્યા કાયદા અધિકારીને બેસવાનો અધિકાર છે?

(A) સોલીસીટર જનરલ
(B) એડવોકેટ જનરલ
(C) એટર્ની જનરલ
(D) ધારાશાસ્ત્રી

051. કંપની ઓડીટનો મુખ્ય હેતુ શું છે?

(A) લઘુમતી શેરહોલ્ડરના હિતોનું રક્ષણ કરવું
(B) ભૂલો અને છેતરપીંડીને શોધવી અને અટકાવવી
(C) કંપનીના પ્રભાવની અસરકારકતાનું મૂલ્યાંકન કરવું
(D) કંપનીના વાર્ષિક હિસાબોની વિશ્વસનીયતાને પ્રમાણિત કરવી

052. મ્યુચ્યુઅલ ફંડ ઉપર કોનું નિયંત્રણ હોય છે?

(A) RBI
(B) SEBI
(C) IRDA
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

053. નીચે આપેલ વાક્યનો કર્તરિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો.
લક્ષ્મીથી તિરસ્કારભર્યું હસાયું.

(A) લક્ષ્મી તિરસ્કારભર્યું હસી
(B) લક્ષ્મી તિરસ્કારભર્યું હસે છે
(C) લક્ષ્મી તિરસ્કારભર્યું હસતાં હતી
(D) લક્ષ્મી તિરસ્કારથી હસી

054. દ્વિપદી વિતરણમાં P ની કિંમત 1/2 કરતા ઓછી હોય તો તેનો આવૃત્તિ વક્ર કેવો હોય છે?

(A) ઋણ વિષમતા
(B) ધન વિષમતા
(C) સંમિત
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

055. બજાર વિભાગોના મૂલ્યાંકન દ્વારા જે બજાર વિભાગ પસંદ કરવામાં આવે તેને શું કહે છે?

(A) લક્ષ્યાંકિત બજાર
(B) સંશોધિત બજાર
(C) મૂળભૂત બજાર
(D) આધાર બજાર

056. સંધિ છોડો.
યશોજ્જવલ

(A) યશો + ઉજ્જવલ
(B) યશ+ઉદ્+જ્વલ
(C) યશ્+ઉદ+જ્વલ
(D) યશા+ઉદ્+જ્વલ

057. આપેલ એક બિંદુમાંથી પસાર થતાં વર્તુળોની સંખ્યા ____ છે.

(A) બે
(B) ચાર
(C) ત્રણ
(D) અનંત

058. સંચાલનના સિદ્ધાંતો એટલે શું?

(A) અનુભવનો નિચોડ
(B) સંચાલકો નક્કી કરે તે
(C) પ્રયોગો દ્વારા નક્કી થાય તે
(D) મેનેજરો નક્કી કરે તે

059. કચ્છ જિલ્લામાં ૧૯૨૦માં કચ્છના તત્કાલીન મહારાજાએ વિજય વિલાસ પેલેસ બંધાવ્યો હતો. આ પેલેસ ક્યાં આવેલો છે?

(A) માંડવી
(B) ભુજ
(C) કોટેશ્વર
(D) અંજાર

060. લેણદારોને વેચાણશેરો કરેલ લેણીહૂંડી નકારાય ત્યારે ____ થશે.

(A) દેવાદાર ખાતું ઉધાર, લેણદાર ખાતું જમા
(B) લેણીહૂંડી ખાતું ઉધાર, લેણદાર ખાતું જમા
(C) દેવાદાર ખાતું ઉધાર, લેણીહૂંડી ખાતું જમા
(D) બેંક ખાતું ઉધાર, લેણીહૂંડી ખાતું જમા

061. જો નીચેના પૈકી કેટલી રકમ ટેક્ષ તરીકે ભરવાપાત્ર હોય તો જ એએસીની એડવાન્સ ટેક્ષ ભરવાની જવાબદારી બને છે?

(A) ૧,૫૦૦ થી વધુ
(B) ૫,૦૦૦ થી વધુ
(C) ૧૦,૦૦૦ થી વધુ
(D) ૧૫,૦૦૦થી વધુ



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

062. મૂડી મળતરનો દર_____ કરતાં વધારે હોય તો શેરદીઠ કમાણી વધે છે.

(A) આવક દર
(B) જાવક દર
(C) મૂડી પડતર દર
(D) વ્યાજ દર

063. નાણાંકીય વર્ષ 2017 – 18 માં ધંધો કે વ્યવસાયના શીર્ષક હેઠળ હવા પ્રદૂષણ નિયંત્રણના સાધનો (Air Pollution Control Equipments) પર કેટલા ટકા ઘસારો બાદ મળે?

(A) ૫૦%
(B) ૭૦%
(C) ૧૦૦%
(D) ૮૦%

064. આયોજનનું કાર્ય એટલે

(A) રોજબરોજનું કાર્ય
(B) નિશ્ચિત કાર્ય
(C) પસંદગીનું કાર્ય
(D) મુશ્કેલ કાર્ય

065. અધાતુના ઓક્સાઈડની પાણી સાથે પ્રક્રિયા થઈ શું બને છે ?

(A) એસિડ
(B) બેઈઝ
(C) ક્ષાર
(D) ધાતુ

066. Only the brave _______ the fair.

(A) deserve
(B) deserves
(C) deserving
(D) none

067. કર્મચારીને અપાતો દિવાળીનો ઉપાડનો નીચેના પૈકી ક્યો ખર્ચમાં સમાવેશ થાય છે ?

(A) મહેસૂલી ખર્ચ
(B) મૂડી ખર્ચ
(C) પ્રસારીત મહેસૂલી ખર્ચ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

068. 30 મીટર ઉંચા મીનારા પરથી જમીન પરના પત્થરનો અવસેધકોણ 45 છે. તો મીનારાથી પત્થરનું અંતર કેટલું હશે ?

(A) 40
(B) 30
(C) 60
(D) 20

069. અશક્ય ઘટનાની સંભાવના _____ છે.

(A) ૦
(B) ૦.૫
(C) ૧
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

070. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.

કુસ્તી <u>મેદાનમાં</u> લડાય.

(A) કારણવાચક
(B) હેતુવાચક
(C) સ્થળવાચક
(D) સમયવાચક



www.maruguajarat.in
PariksaPath · pariksapath.in

071. શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.
દીકરીની દીકરી

(A) દોહિત્રી
(B) પ્રપૌત્રી
(C) પૌત્રી
(D) દયિતા

072. ધંધાની ઉત્પાદકતા વધારવા માટે કરવામાં આવતો ખર્ચ _____ તરીકે ગણાય છે.

(A) મૂડી ખર્ચ
(B) મહેસૂલી ખર્ચ
(C) પ્રસારિત મહેસૂલી ખર્ચ
(D) મૂડી ખોટ

073. નીચેના પૈકી ઓડીટના પૂરાવા તરીકે સૌથી વધુ વિશ્વસનીય શું છે?

(A) સામાન્ય ખાતાવહીની બાકી
(B) ગ્રાહક પાસેથી મળવાની બાકી રકમની સંમતિ
(C) આંતરિક બિલમાં દર્શાવેલ ઉધારબીલની રકમ
(D) મહિનાના અંતે આખર બાકીની મેળવણીનું પત્રક

074. ૧૯૪૭ થી ૧૯૯૧ સુધીનો સમયગાળો ભારતમાં વેપાર ઉદ્યોગો માટે કેવા વાતાવરણનો રહ્યો છે?

(A) નિરંકુશ
(B) અંકુશિત
(C) સંકુચિત
(D) બહોળા પ્રમાણ

075. કસ્તુરબા તેમજ મહાદેવભાઈનું અવસાન થયું. આ બન્ને રાષ્ટ્રભક્તોની સમાધિના સ્થળ ક્યાં છે?

(A) કોચરબ આશ્રમમાં
(B) ગાયકવાડની હવેલીમાં
(C) આગાખાન મહેલમાં
(D) સાબરમતી આશ્રમમાં

076. ધંધાની કાર્યક્ષમ કામગીરી ચકાસવા કરવામાં આવતી નિયમિત તપાસ અને અંકુશને શું કહે છે?

(A) આંતરિક તપાસ
(B) આંતરિક અંકુશ
(C) આંતરિક ઓડીટ
(D) વચગાળાની તપાસ



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

077. ઘોડાદોડ માટેના ઘોડાના માલિકને તે પ્રવૃત્તિમાંથી થયેલ ખોટ કેટલા વર્ષ સુધી આગળ ખેંચી જઈ શકાય ?

(A) ૪ વર્ષ (B) ૫ વર્ષ (C) ૬ વર્ષ (D) ૮ વર્ષ

078. MS Word માં ટાઈટલબારની જમણી બાજુ કુલ કેટલા કંટ્રોલ બટન્સ જોવા મળે છે?

(A) 3 (B) 4 (C) 5 (D) 6

079. ભારતીય બંધારણના ક્યા પરિશિષ્ટ હેઠળ સહકાર સંબંધિત બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) પરિશિષ્ટ – V (B) પરિશિષ્ટ – VI
(C) પરિશિષ્ટ – VII (D) પરિશિષ્ટ – IX

080. નીચે આપેલ વાક્યનો કર્મણિપ્રયોગનો સાચો વિકલ્પ શોધો.

પુસ્તક વિના હું ભણું કેમ?

(A) પુસ્તકથી વિના હું ભણું છું
(B) પુસ્તક વિના હું ભણી જઈશ
(C) પુસ્તક વિના હુંથી ભણાય કેમ?
(D) પુસ્તક વિના મારાથી ભણાય કેમ ?

081. પ્રધાનમંત્રી જનધન યોજના ક્યારે અમલમાં મૂકવામાં આવી ?

(A) ૨૦૧૨ (B) ૨૦૧૬ (C) ૨૦૧૪ (D) ૨૦૧૫

082. નીચેના પૈકી કઈ માલસામાન અંકુશ ટેકનિક નથી ?

(A) એબીસી વિશ્લેષણ
(B) કાચા માલની સપાટીઓ નક્કી કરવી
(C) સ્ટોર્સ ખાતાવહી નિભાવવી
(D) ધીમી ગતિ અને બિનગતિવાળી વસ્તુઓ પર નિયંત્રણ

083. Change into passive voice :

Who taught you grammar ?

(A) By whom did you teach grammar ?
(B) By whom were you taught grammar ?
(C) By whom was you taught grammar ?
(D) Who taught you grammar by ?



www.mahgujarat.in
ParikSaPath · pariksapath.in

084. નીચેનામાંથી કઈ ઓડીટરની ફરજ નથી ?

(A) કંપનીના બેન્કરોને ઓડીટ રિપોર્ટની જાણ કરવી

(B) કંપનીના સભ્યોને ઓડીટ રિપોર્ટની જાણ કરવી

(C) ઓડીટ રિપોર્ટ પર સહી કરવી

(D) સંચાલકોને કાયદાના ઉલ્લંઘનની જાણ કરવી.

085. જ્યારે શેરો જપ્ત કરવામાં આવે છે ત્યારે ક્યું ખાતું ઉધાર થાય છે ?

(A) શેર મૂડી ખાતું
(B) શેર જપ્તી ખાતું
(C) મૂડી અનામત ખાતું
(D) શેર પ્રીમીયમ ખાતું

086. Give Synonym :

Voracious

(A) Ravenous
(B) Ascending
(C) Audacious
(D) Tangible

087. $૫^n$નો અંતિમઅંક_______છે.

(A) ૦
(B) ૫
(C) ૨
(D) ૪

088. $\Delta ABC$ અને $\Delta PQR$ ની સંગતતા $ABC \leftrightarrow RPQ$ સમરૂપતા છે. જો $m\angle A + m\angle C = m\angle B$ હોય તો $\Delta PQR$ માં ક્યો ખૂણો કાટખૂણો થાય ?

(A) $\angle P$
(B) $\angle Q$
(C) $\angle R$
(D) $\angle PQR$

089. રીડીમેબલ પ્રેફરન્સ શેર પરત પ્રીમીયમ એ કંપનીને માટે શું છે ?

(A) નફો
(B) ખોટ
(C) વટાવ
(D) આવક

090. નીચે આપેલ સાદા વાક્યને જોડતાં યોગ્ય સંયોજકને વિકલ્પમાંથી શોધો.

મંગુને ધૂનં આવે. એ ઊભી થઈ જતી. એમને નવી વાત મળી જતી.

(A) માટે, પણ
(B) અને, તો
(C) તો, જો
(D) જ્યાં-ત્યાં




www.marugujarat.in
PariksaPath · pariksapath.in

091. Convert the following sentence into indirect speech :
Alpa said : "How clever I am !"
(A) Alpa exclaimed that she was very clever.
(B) Alpa asked that I am very clever.
(C) Alpa said that how clever I am.
(D) Alpa told that I am very clever.

092. સંસદ સભ્યને મળતા દૈનિક ભથ્થાની કરપાત્રતા જણાવો.
(A) આવક ગણાશે નહીં
(B) સંપૂર્ણપણે કરપાત્ર ગણાશે.
(C) સંપૂર્ણપણે કરમુક્ત ગણાશે.
(D) કુલ આવકમાં ફક્ત દર નક્કી કરવાના હેતુથી સમાવવામાં આવશે.

093. આપેલ આલેખ y = p (x) ના શૂન્યોની સંખ્યા કેટલી હોય ?




(A) = 1
(B) 2
(C) 0
(D) 4

094. ધંધાની કોઈ નિશ્ચિત જવાબદારી ચૂકવવામાં ક્યું અનામત ઉભું કરવામાં આવે છે ?
(A) સામાન્ય અનામત
(B) વિશિષ્ટ અનામત
(C) ગુપ્ત અનામત
(D) મૂડી અનામત

095. સાચી જોડણી શોધો,
(A) જીંદાદિલી
(B) જિંદાદિલી
(C) ઝિંદાદિલી
(D) ઝીંદાદીલિ

096. કંપનીમાં પ્રથમ ઓડીટરની નિમણૂંક કોણ કરે છે ?
(A) મધ્યસ્થ સરકાર
(B) રાજ્ય સરકાર
(C) સંચાલક મંડળ
(D) શેર હોલ્ડરો



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

097. કોઈપણ કાર્યમાંથી ખોટી દિશામાં થતા બિનજરૂરી હલનચલનમાંથી ઉદ્ભવતો બગાડ દૂર કરવાની પદ્ધતિ એટલે શું?

(A) સમય નિરીક્ષણ
(B) ગતિ નિરીક્ષણ
(C) ભિન્ન વેતનદર
(D) કર્મચારી નિરીક્ષણ

098. આવકધારા હેઠળ લાભ મેળવવા માટે જાહેર પ્રોવિડન્ડ ફંડમાં વધુમાં વધુ કેટલા રૂપિયા ભરી શકાય ?

(A) રૂ|. ૧,૦૦,૦૦૦
(B) રૂ|.૧,૨૦,૦૦૦
(C) રૂ|. ૧,૫૦,૦૦૦
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

099. શબ્દકોશ પ્રમાણે સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ શોધો.

(A) ગવાશન, ગલૂડિયું, ગપસપ, ગદગદ
(B) ગલૂડિયું, ગવાશન, ગદગદ, ગપસપ
(C) ગદગદ, ગપસપ, ગલૂડિયું, ગવાશન
(D) ગપસપ, ગદગદ, ગવાશન, ગલૂડિયું

100. સંજેલી તાલુકો ગુજરાત રાજ્યના ક્યા જિલ્લામાં આવેલ છે ?

(A) દાહોદ
(B) સુરેન્દ્રનગર
(C) વડોદરા
(D) નર્મદા

101. ૧૯મી સદીના અંત સુધીમાં જે વિચારધારાઓ રજૂ થઈ તેને કઈ વિચારધારા કહે છે?

(A) નવપ્રશિષ્ટ
(B) પૂર્વ પ્રશિષ્ટ
(C) પ્રશિષ્ટ
(D) આધુનિક

102. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) પ્રસિદ્ધ સૂર્યમંદિર – કોટાય | (1) સાબરકાંઠા જિલ્લો |
| (b) દરિયાકાંઠે આવેલ રમણિય સ્થળ – અહેમદપુર-માંડવી | (2) કચ્છ જિલ્લો |
| (c) 'નાના અંબાજી' ના નામે પ્રખ્યાત – ખેડબ્રહ્મા | (3) નવસારી જિલ્લો |
| (d) રાષ્ટ્રીય અભયારણ્ય ધરાવતું સ્થળ – વાંસદા | (4) ગીર સોમનાથ જિલ્લો |

(A) a – 2, b – 4, c – 3, d – 1
(B) a – 1, b – 4, c – 2, d – 3
(C) a – 2, b – 3, c – 1, d – 4
(D) a – 2, b – 4, c – 1, d – 3



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

103. નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટ રૂપ વિકલ્પમાંથી શોધો.
ટીંઢોર
(A) ઢોરઢાંખર
(B) ગરમ
(C) દોડાદોડી
(D) ગારમાટીનું

104. જો બોનસ શેર તા. ૧-૫- ૮૧ પછી આપવામાં આવ્યા હોય તો તેની કિંમત કેટલી લેવી?
(A) શૂન્ય
(B) બજાર કિંમત
(C) મૂળ કિંમત
(D) સામાન્ય કિંમત

105. ભારતમાં ૧૯૯૪થી ક્યા ટેક્ષની શરૂઆત થઈ ?
(A) જી.એસ.ટી.
(B) વેટ
(C) સર્વિસ ટેક્ષ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

106. Join sentences with infinitive :
He wants to earn his livelihood. He works hard for that reason.
(A) He wants to work hard to earn his livelihood.
(B) He wants to earn his livelihood and so he works hard.
(C) He wants to working hard to earn his livelihood.
(D) He works hard to earn his livelihood.

107. જો A = {૧,૨,૩,૪} હોય, તો A ના ઉપગણોની સંખ્યા _____ મળે.
(A) ૨
(B) ૪
(C) ૮
(D) ૧૬

108. "ગુજરાત શ્રવણ તીર્થ દર્શન યોજના" અંતર્ગત ગુજરાતના સિનિયર સિટીઝનોને રાજ્યના ધાર્મિક સ્થળોની મુલાકાત માટે તેઓએ માન્ય નોન એ.સી. બસમાં કેટલી મુસાફરી ખર્ચ પર ગુજરાત સરકાર કેટલી નાણાંકીય મદદ કરે છે ?
(A) ૫૦%
(B) ૭૫%
(C) ૧૦૦%
(D) ખરેખર ખર્ચ મુજબ

109. એકમનું જીવનધ્યેય નક્કી કરતી યોજના કઈ છે ?
(A) કાયમી યોજના
(B) વ્યુહાત્મક યોજના
(C) સુનિયોજિત યોજના
(D) એક ઉપયોગી યોજના



www.marugujarat
PariksaPath · pariksapath.in

110. 'નાણાંકીય સંચાલન એટલે ભંડોળ મેળવવું અને તેનો ઈષ્ટતમ ઉપયોગ કરવો તથા તેની યોગ્ય ફાળવણી કરવી' આ વ્યાખ્યા કોણે આપી છે?

(A) એફ.ડબલ્યુ. પાઈશ
(B) રેમન્ડ જે. ચેમ્બર્સ
(C) એમ. કિમ્બાલ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

111. નીચે આપેલા વિકલ્પોમાં ક્યો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.

(A) ઉપહાર
(B) ઉપાહાર
(C) નજરાણું
(D) બક્ષિસ

112. હક્કના શેરનો ઇસ્યુ ઓછામાં ઓછા ____ દિવસ અને વધુમાં વધુ ____ દિવસ માટે ખુલ્લો મૂકવામાં આવે છે.

(A) ૨૦,૪૦
(B) ૧૫, ૩૦
(C) ૩૦,૬૦
(D) ૧૦,૨૦

113. સાતત્યના ખ્યાલ હેઠળ હિસાબી પદ્ધતિનું અમલીકરણ શું સૂચવે છે?

(A) એક જ ઉદ્યોગ હેઠળ આવેલી તમામ પેઢીઓએ સમાન હિસાબી પદ્ધતિ અપનાવવી.
(B) આવક અને મિલકતનું અતિમૂલ્ય ન દર્શાવવું
(C) તમામ વર્ષ માટે એકસરખી રીતે હિસાબી રીત અને પદ્ધતિનો અમલ
(D) અનુકૂળતા મુજબ કોઈપણ હિસાબી રીતનું અનુસરણ

114. ગુજરાત રાજ્યના રાજકોટ જિલ્લાને નીચે દર્શાવેલ જિલ્લાઓ પૈકી ક્યા જિલ્લાની હદ સ્પર્શતી નથી ?

(A) દેવભૂમિ દ્વારકા
(B) મોરબી
(C) જુનાગઢ
(D) જામનગર

115. વિદેશી રોકાણ સંસ્થાએ તેની નોંધણી કોની સમક્ષ કરાવવી પડે છે?

(A) કંપની રજીસ્ટ્રાર
(B) અદાલત
(C) શેરબજાર
(D) સેબી

116. રોહીત એક કામ 30 દિવસમાં પુરૂ કરે છે. જ્યારે તેજ કામ મોહીત 45 દિવસમાં કરે છે. બંને ભેગા મળી કામ કરે છે. કામ માટે રૂા. 15,000 મળે છે. કરેલ કામ પ્રમાણે રોહીતને મળતી રકમ = ____ રૂપિયા.

(A) 7,500
(B) 10,000
(C) 5,000
(D) 9,000



www.maujgujarat.in
PariksaPath · pariksapath.in

117. જો ઓડીટર કોઈ ભૂલ શોધે તો પછી તેણે ______
(A) સંચાલકોને જાણ કરવી જોઈએ નહીં.
(B) સંચાલકોને જાણ કરવી જોઈએ.
(C) ઓડીટરે નાણાંકીય હિસાબોમાં તેની અસર આપવી જોઈએ.
(D) (B) અને (C) બન્ને

118. Fill in the gap.
Sulphur : Vulcanisation : : Chlorine : ________
(A) Extraction (B) Bleaching (C) Metallurgy (D) Allotropy

119. લિક્વીડેટર દ્વારા લેણદારોને તેમની તારણવાળી મિલકતોના વેચાણની સૂચના આપવાનો સમયગાળો કેટલો છે ?
(A) સલામત લેણદારો પાસેથી મળેલ સૂચનાના ૭ દિવસની અંદર
(B) સલામત લેણદારો પાસેથી મળેલ સૂચનાના ૨૧ દિવસની અંદર
(C) સલામત લેણદારો પાસેથી મળેલ સૂચનાના 30 દિવસની અંદર
(D) સલામત લેણદારો પાસેથી મળેલ સૂચનાના ૭૫ દિવસની અંદર

120. એક કાટખૂણ ત્રિકોણની પરિમિતિ 56 સે.મી. છે. તેના પાયાનું માપ વેધ કરતા 17 સે.મી. વધુ છે. અને કર્ણનું માપ વેધ કરતા 18 સે.મી. વધુ છે. ત્રિકોણની ત્રણેય બાજુના માપ શોધો.
(A) 5 સે.મી., 22 સે.મી., 29 સે.મી.
(B) 7 સે.મી., 24 સે.મી., 25 સે.મી.
(C) 6 સે.મી., 23 સે.મી., 27 સે.મી.
(D) 8 સે.મી., 25 સે.મી., 26 સે.મી.

121. 'ખીજડિયે ટેકરે' નવલિકાના લેખકનું નામ જણાવો.
(A) ચુનીલાલ મડિયા
(B) ધના ભગત
(C) જયંત પાઠક
(D) કિશોર પ્રકવાણા

122. અંકુશની શરુઆત ક્યાંથી થાય છે?
(A) ધોરણોની સ્થાપના
(B) માહિતી સંપાદન
(C) સુધારાલક્ષી પગલાં
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહી

123. ઉપાડ ખાતાનો ____ ખાતામાં સમાવેશ થાય છે.
(A) મિલકત
(B) ઉપજ-ખર્ચ
(C) વ્યક્તિ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહી



www.marugujarat.in
ParikaPath · pariksapath.in

124. નીચે આપેલ ક્યા શહેરમાં UTGST લાગે છે?

(A) ચંદીગઢ
(B) મુંબઈ
(C) કોલકત્તા
(D) ચેન્નાઈ

125. પ્રત્યેક ત્રણ ક્રમિક પૂર્ણાંકોનો ગુણાકાર_____વડે વિભાજ્ય છે.

(A) ૨૪
(B) ૮ વડે વિભાજ્ય છે, પરંતુ ૨૪ વડે વિભાજ્ય નથી
(C) ૬
(D) ૨૦

126. IASB નું પૂરૂં નામ શું છે?

(A) Indian Accounting Standard Body
(B) Indian Accounting Standard Board
(C) International Audit Standard Board
(D) International Accounting Standard Board

127. MS Word ડોક્યુમેન્ટના અંત ભાગમાં જવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) Ctrl + End
(B) Alt + Home
(C) Shift + Home
(D) Tab + Home

128. જ્યારે આડ પેદાશનું વેચાણ મૂલ્ય ખૂબજ ઓછું હોય ત્યાં

(A) તે સીધું નફા-નુકસાન ખાતે જમા લેવાય છે.
(B) સંયુક્ત ખર્ચની ફાળવણીમાં ગણાય છે.
(C) અવેજી વસ્તુની કિંમત આધારે જમા થાય છે.
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

129. નીચે જણાવેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો.

'કોરવું'

(A) તોડવું
(B) સાફ કરવું
(C) સ્પષ્ટ કરવું
(D) ખનન કરવું



www.marugujarat.in
PariksaPath · pariksapath.in

130. નીચે આપેલ વાક્યનો પ્રેરકનો સાચો વિકલ્પ શોધો.

અમારી મોટરે નૌકાહરણ કર્યું.

(A) અમારી મોટરથી નૌકાહરણ કરાયું
(B) અમારી મોટર પાસે નૌકાહરણ કરાવ્યું
(C) અમારી મોટર નૌકાહરણ કરશે
(D) મોટર નૌકાહરણ કરાવશે

131. લાંબાગાળાના દેવા ચૂકવવા માટે અથવા નવી મિલકત વસાવવા માટે જે ખાસ અનામત ઉભું કરવામાં આવે તેને ________ કહે છે.

(A) વિશિષ્ટ અનામત
(B) મહેસૂલી અનામત
(C) મૂડી અનામત
(D) સિંકીંગ ફંડ

132. વાલ્વયુક્ત રુધિરવાહિનીઓને શું કહે છે ?

(A) રુધિરકેશિકા
(B) ધમની
(C) શિરા
(D) લસિકા

133. પ્રામાણ્ય વિતરણમાં ચતુર્થક વિચલન અને પ્રમાણિત વિચલન વચ્ચેનો લગભગ સંબંધ ક્યો થાય ?

(A) 5 ચતુર્થક વિચલન = 4 પ્રમાણિત વિચલન
(B) 4 ચતુર્થક વિચલન = 5 પ્રમાણિત વિચલન
(C) 2 ચતુર્થક વિચલન = 3 પ્રમાણિત વિચલન
(D) 3 ચતુર્થક વિચલન = 2 પ્રમાણિત વિચલન

134. કઈ સપાટીએ સર્વગ્રાહી કૌશલ્યની જરૂર પડે છે?

(A) મધ્ય સપાટી
(B) તળ સપાટી
(C) ઉચ્ચ સપાટી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

135. રાષ્ટ્રીય આવકના સર્જનમાં કઈ પદ્ધતિ દ્વારા દરેક પેઢીના ફાળાની માહિતી મળે છે ?

(A) આવક
(B) ખર્ચ
(C) મૂલ્યવૃદ્ધિ
(D) ઉત્પાદન



www.maruGujarat.in
PariksaPath · pariksapath.in

136. ભારતના રાજ્યોમાં જીએસટી બીલને બહાલી આપનાર સૌપ્રથમ રાજ્ય કયું છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) આસામ (D) મધ્યપ્રદેશ

137. માલસામાનની મહત્તમ સપાટી =
(A) વરદી સપાટી-(લઘુત્તમ વપરાશ×લઘુત્તમ સમય)+વરદી જથ્થો
(B) વરદી સપાટી-(મહત્તમ વપરાશ×મહત્તમ સમય)+વરદી જથ્થો
(C) વરદી સપાટી-(સરેરાશ વપરાશ×સરેરાશ સમય)+વરદી જથ્થો
(D) વરદી સપાટી-(લઘુત્તમ વપરાશ×લઘુત્તમ સમય)

138. n કદવાળા યદૃચ્છ નિદર્શ માટે સ્ટુડન્ટ t – વિતરણની સ્વતંત્રતાની માત્રા કેટલી થાય ?
(A) n – 1 (B) n (C) n – 2 (D) n – 1/2

139. કંપનીઓનું ઓડીટ કરવાનું મુખ્ય કારણ શું છે ?
(A) શેરહોલ્ડરોને સંતોષ આપવા માટે
(B) સરકારની આવક વધારવા માટે
(C) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને નોકરી આપવા માટે
(D) કાયદાની જરૂરિયાતો પૂરી પાડવા માટે

140. Give Antonym :
Noble
(A) Nobility (B) Ennoble (C) Nobilize (D) Ignoble

141. હરિયાળી ક્રાંતિના પ્રણેતા કોણ છે ?
(A) સીગ્મન્ડ ફ્રોઈડ (B) પ્રો. કેઈન્સ
(C) ડૉ. એડમન ફ્લોરેસ (D) ડૉ. વર્ગીસ કુરીયન

142. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં દેવ-ધોલેરા ખાતે વિશ્વકક્ષાની એક સંસ્થાની ઈમારત રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી. આ સંસ્થાનું નામ જણાવો.
(A) દેવ-ક્રિએટ (B) દેવ-ધોલેરા એમ્પાયર
(C) આઈ-ક્રિએટ (D) ઇમ્પેક્સ-ક્રિએટ

143. સંચાલકીય ઓડીટને બીજા ક્યા નામે ઓળખવામાં આવે છે ?
(A) વાર્ષિક ઓડીટ (B) કાર્યક્ષમતા ઓડીટ
(C) પડતર ઓડીટ (D) રોકડ ઓડીટ


www.margujarat.in
PariksaPath · pariksapath.in

144. ટ્રેડમાર્ક ધારો ક્યા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યો ?

(A) ૧૯૫૧ (B) ૧૯૫૫ (C) ૧૯૬૯ (D) ૧૯૮૬

145. ધંધાના માલિક દ્વારા લાવવામાં આવતી મૂડી માટે નીચેના પૈકી ક્યા ખ્યાલ અંતર્ગત તેને ધંધાના લેણદાર તરીકે ગણવામાં આવે છે ?

(A) નાણાંના માપનનો ખ્યાલ
(B) પડતરનો ખ્યાલ
(C) માલિકીનો ખ્યાલ
(D) વ્યવહારની દ્વિઅસરનો ખ્યાલ

146. ગુજરાત સરકાર દ્વારા આયોજીત ગુજરાત સ્કૂલ અને કોલેજ સ્પોર્ટ્સ લીગ–૨૦૧૭-૧૮ અન્વયે રમાનાર રમતોમાં સ્ટેટ લીગમાં તૃતીય વિજેતા સ્કૂલ/કોલેજની ટીમને કેટલી રકમનો રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે?

(A) રૂ. ૨,૦૦,૦૦૦/-
(B) રૂ. ૩,૫૦,૦૦૦/-
(C) રૂ. ૩,૦૦,૦૦૦/-
(D) રૂ. ૨,૫૦,૦૦૦/-

147. સામયિક શ્રેણીમાં વલણ શોધવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે ?

(A) ચલિત સરેરાશની રીત
(B) ન્યૂટનની રીત
(C) દ્વિપદી વિસ્તરણ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

148. બંધારણની કઈ કલમ હેઠળ કેન્દ્રીય પ્રધાન મંડળની સલાહ મુજબ રાજ્યપાલની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે ?

(A) કલમ – ૧૫૫
(B) કલમ – ૭૪
(C) કલમ – ૧૫૩
(D) કલમ – ૧૬૧

149. મૂડી નફો શીર્ષક હેઠળ કલમ- ૫૪ પ્રમાણે જો મકાનનું બાંધકામ કરવામાં આવેલ હોય તો તે બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ થવું જોઈએ .

(A) ૧વર્ષ (B) ૨વર્ષ (C) ૩વર્ષ (D) ૪વર્ષ

150. ક્યા ગુજરાતી કવિને કન્ડ કવિ પુટપ્પા સાથે સંયુક્તરૂપે ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત થયો હતો ?

(A) જયંત પાઠક
(B) કનૈયાલાલ મુનશી
(C) કવિ 'કાન્ત'
(D) ઉમાશંકર જોષી



www.marugujarat.in
PariksaPath · pariksapath.in